ઈશ્વરી કૃપાથી પ્રાપ્ત થયેલું દિવ્ય જ્ઞાન !

# કપડાં આધ્યાત્મિક દૃષ્ટિએ કેવા હોવા જોઈએ ?

(How should the clothes be from a spiritual perspective ? - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

**'विकृतवासो न आच्छादनीयम् ।'**, એમ કહેવાય છે. આનો અર્થ છે, માનવીએ વિકૃત પહેરવેશ કરવો નહીં. માનવીનો પહેરવેશ મોટે ભાગે તેણે પહેરેલાં કપડાં પરથી જ નિશ્ચિત થાય છે. હાલની યુવા પેઢી 'ફેશન'ના નામે ચિત્રવિચિત્ર આકારના, કાબરચીતરાં રંગનાં, જીન્સ-સ્ટ્રેચેબલ્સ વગેરે જેવાં ટૂંકા અને તંગ બેસતા એવાં અનેક પ્રકારનાં કપડાં વાપરે છે. આ વિકૃત પહેરવેશ છે. વિકૃત પહેરવેશ એટલે રજ-તમાત્મક સ્પંદનો નિર્માણ કરનારો પહેરવેશ. આવી વેશભૂષાને લીધે માનવીની બુદ્ધિ વિકૃત બને છે, અને તે વિવિધ દુષ્પ્રવૃત્તિઓનો દાસ બને છે, કામ-ક્રોધ આદિ ષડ્‌રિપુઓને આધીન થાય છે અને અનિષ્ટ શક્તિઓનાં આક્રમણોનો ભોગ બને છે. આથી ઊલટું માનવીએ સાત્ત્વિક કપડાં પહેરવાથી તેને ઈશ્વરી ચૈતન્ય ગ્રહણ કરવું શક્ય થયું હોવાથી તેનું મન અને બુદ્ધિ સાત્ત્વિક થાય છે. તે સદાચરણી અને વિવેકી બનવા સાથે જ તેનું અનિષ્ટ શક્તિઓનાં આક્રમણો સામે રક્ષણ થવામાં પણ સહાયતા થાય છે.

દરેક વસ્તુને ગુણભૂત સ્પંદનો હોય છે. કપડાંનો પ્રકાર, આકાર, રંગ, નક્શી, કપડાંની સિલાઈ ઇત્યાદિ ઘટકો પર કપડામાંનાં સ્પંદનો આધારિત હોય છે. આ ઘટકો જેટલા સાત્ત્વિક હશે, તેટલાં કપડાં સાત્ત્વિક બને છે. આ ઘટકો સાત્ત્વિક હોવાના દૃષ્ટિકોણથી કેવા હોવા જોઈએ, એ આ ગ્રંથમાં આપ્યું છે. નાયલૉન, ટેરિકૉટ ઇત્યાદિ જેવા કૃત્રિમ ધાગાઓમાંથી બનાવેલા કપડાં કરતાં સુતરાઉ, રેશમી ઇત્યાદિ નૈસર્ગિક ધાગાઓમાંથી બનાવેલાં કપડાં શા માટે વાપરવા જોઈએ, સાત્ત્વિક રંગ કયા છે, નકશી વિનાનાં કપડાં અધિક યોગ્ય શા માટેહોય છે, કપડાંની શુદ્ધિ શા માટે આવશ્યક છે એના જેવા અનેક પ્રશ્નોના ઉત્તરો વાંચીને કપડાં પાછળનો આધ્યાત્મશાસ્ત્રીય દૃષ્ટિકોણ સ્પષ્ટ થવા માટે સહાયતા થશે. સાત્ત્વિક કપડાં ચૂંટતી વખતે પોતાની રુચિ-અરુચિને બદલે સ્પંદનશાસ્ત્રનો અભ્યાસ ઉપયુક્ત બને છે. તે કેવી રીતે કરવો, એ માટેની ટૂંકમાં જાણકારી ગ્રંથમાં આપેલાં કેટલાક સૂક્ષ્મમાંના પ્રયોગ પરથી મળશે.

સર્વસામાન્ય માનવીએ ચૈતન્ય ગ્રહણ કરવા માટેના ઉદ્દેશથી સાત્ત્વિક કપડાં જ પહેરવા. એકાદમાં ભાવ હશે, તો તેની વૃત્તિ સાત્ત્વિક હોય છે અને તેના તરફથી થનારી ભાવપધાન કૃતિને કારણે તેને ઈશ્વરી ચૈતન્ય સહજતાથી ગ્રહણ કરતા આવડે છે. તેવી જ રીતે 60 ટકા કરતાં વધારે સ્તર ધરાવતા અને દેહબુદ્ધિનું ભાન ભૂલેલા સાધકોનો પ્રવાસ ઈશ્વરપાપ્તિની દિશામાં જલદ ગતિથી થતો હોય છે. આવા સાધકોની દૃષ્ટિએ 'કેવા પ્રકારનાં કપડાં પહેરવા જોઈએ', આ વાતને વધારે મહત્ત્વ જ રહેતું નથી. એમ હોવા છતાં તેમણે સાત્ત્વિક કપડાં પહેરવાથી તેમની પોતાની સાત્ત્વિકતા તો વધે જ છે; તે ઉપરાંત તે સાત્ત્વિકતાનો સમષ્ટિને પણ ઘણો લાભ થાય છે. સાત્ત્વિક કપડાંને કારણે બાળકો પર પણ સંસ્કાર

થવામાં સહાયતા થાય છે. તેથી તેમણે સાત્ત્વિક કપડાં પહેરવા એ જ ઉત્તમ છે.

સાત્ત્વિક કપડાં પહેરવા પાછળનો દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખીને તે આચરણમાં લાવવાની પ્રેરણા વધારેમાં વધારે જણાને થાય અને તેમની સાત્ત્વિકતા વૃદ્ધિગંત થાય, એ જ શ્રીગુરુચરણોમાં પ્રાર્થના. - સંકલક.

---

# અનુક્રમણિકા

(કેટલાક વિશિષ્ટપૂર્ણ સૂત્રો * ચિન્હથી દર્શાવ્યા છે.)


૧. કપડાં પરિધાન કરવાનું મહત્ત્વ અને લાભ ૧૫
૨. કપડાની સાત્ત્વિકતા આધારિત હોનારા ઘટકો અને તેમનું મહત્ત્વ ૧૯
૩. કપડાના પકાર ૨૦
* કૃત્રિમ દોરામાંથી બનાવેલા વસ્ત્રોને બદલે નૈસર્ગિક દોરામાંથી બનાવેલા વસ્ત્રો શા માટે વાપરવા ? ૨૧
૪. કપડાનો રંગ ૩૭
* કપડાનો રંગ ચૂંટવા પાછળ આધ્યાત્મિક દષ્ટિકોણ ૪૧
* હિંદુ ધર્મમાં કાળો રંગ નિષિદ્ધ માનવામાં આવેલો હોવો ૪૫
૫. કપડા પર રહેલી આકૃતિ (ભાત) ૫૨
* કપડા પરની ભાત સાત્ત્વિકતાની દષ્ટિએ કેવી હોવી જોઈએ ? ૫૨
૬. કપડાં સીવવાની પદ્ધતિ ૫૫
* પહેલાંના સમયની ગાંઠ મારેલા કપડા પહેરવાની પદ્ધતિ યોગ્ય ૫૫
* કપડાં પર ઓછામાં ઓછી સિલાઈ શા માટે હોવી જોઈએ ? ૫૬
૭. કપડા વાપરવાના સંદર્ભમાં કેટલીક વ્યાવહારિક સૂચના ૫૯
* ફાટેલા અથવા ઉતેડાઈ ગયેલા કપડા શા માટે વાપરવા નહી ? ૬૧
* બીજાઓએ વાપરેલા વસ્ત્રો શા માટે વાપરવા નહી ? ૬૧
* ઉન્નતોએ વાપરેલાં વસ્ત્રો વાપરવા શા માટે લાભદાયક છે ? ૬૧
૮. ભાવ રહેલાં, સારો સ્તર ધરાવનારા, સંત અને ગુરુકૃપાયોગ અનુસાર સાધના કરનારાઓની દષ્ટિએ બાહ્ય પહેરવેશને મહત્ત્વ ન હોવું ૬૮